

## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

### સલામી સવારની..

*સમૃદ્ધિ માટે સૌની, ગુજરાત પર નજર છે,*
*ડંજી - ઈર્ષાળુ સૌની, ગુજરાત પર નજર છે.*
*ફરે છે આટલામાં જ વાવાઝોડું અહીં જ છે નજર -*
*પરંતુ, પ્રભુ કૃપાની, ગુજરાત પર નજર છે...*

હાઈકુ

*વાવાઝોડાં ને -*
*પણ વેંચી આવે એ -*
*છે કચ્છી 'માડુ'*

*ભલે આવતું !*
*કચ્છને ફાયદો !*
*'મી' તો આવશે !!*

### ચિંતન

**આવરણસ્ય નિવૃત્તિર્ભિવતિ ચ સમ્યકપદાર્થદર્શનતઃ ।**
**મિથ્યાજ્ઞાનવિનાશસ્તદ્વિક્ષેપજનિત દુઃખનિવૃત્તિઃ ॥**

**ઉપરોક્ત શ્લોક સંસ્કૃતસુભાષિત ભાંડાગારમાંથી લેવામાં આવેલ છે.**

**આત્મતત્વનું સારી પેઠે દર્શન થવાથી આવરણની નિવૃત્તિ થાય છે. મિથ્યાજ્ઞાનનો વિનાશ થાય છે અને તે જ રીતે વિક્ષેપથી જન્મેલા દુઃખોની નિવૃત્તિ થાય છે.**

**જીવને જ્યાં સુધી 'માયા' નું આવરણ હોય ત્યાં સુધી હું - મારું મારાં સંબંધી જેવાં મોહ-લોભ અને સ્વાર્થના બંધન જેવાં મોહ-લોભ અને સ્વાર્થના બંધન રહે છે. એમને ધર્મનું પાત્ર બાહ્ય જ્ઞાન જ હોય છે. મૂર્તિપૂજા - યાત્રા જેવાં બર્હિજ્ઞાન માનવીને બ્રહ્મજ્ઞાનના રસ્તે લઈ જાય છે પણ એ 'આત્મ તત્ત્વ' નથી.**

**જ્યારે આત્મતત્ત્વની સાચી ઓળખ થાય પછી કોઈ જ માયાવી આવરણ રહેતું નથી.**

### સુવિચાર

- લોક જાગૃતિ થોડા મઆણસોના ભારે ભોગથી થાય છે - **સરદાર પટેલ**
- કાકડી - ચીભડું કાપી જોવાય, કંઈ માણસ કાપી જોવાય છે? - **જુની ગુજરાતી કહેવત**
- દોસ્તી ટકાવી રાખવી હોય તો દોસ્ત માટે વધુ સારું, અને ઓછું સારું તમારા માટે રાખો - **ડેનિશ કહેવત**
- માનવીના જ્ઞાનને માપવા માટે તેની નમ્રતા તપાસવી જોઈએ - **સંત રોબિન**
- આત્મવિશ્વાસ, મનોબળ અને સંકલ્પનાં ત્રણ તીર જેના ભાથામાં હોય, એ માણસ અઘરામાં અઘરું નિશાન વીંધી શકે છે - **એસ. ભટ્ટાચાર્ય**
- આજના જમાનામાં માત્ર સાક્ષરતા પૂરતી નથી, વૈજ્ઞાનિક સાક્ષરતા જરૂરી છે - **નારાણય મૂર્તિ**
- આજનું ઔષધ : ખડી સાકર, જીરા સાથે વાટી તેમાં ગાયનું ઘી ઉમેરી પેસ્ટ જેવું બનાવી ચાટવાથી રતાંધળાપણું મટે છે **(સંકલન : દીપક વી. આશરા)**

### બોધકથા

શિવાજીના ગુરુ રામદાસનો નિયમ હતો. રોજ સવારે તેઓ નદીએ સ્નાન કરવા જાય પછી મંદિરે પૂજા કરે પછી રોજ એક જ ઘેર ભિક્ષા માંગવા જાય. એક દિવસ તેમણે ભિક્ષા માંગી અને એ ઘરમાં પતિ-પત્ની વચ્ચે ઝઘડો થતો હતો. એટલે એ બહેન સ્વામીરામદાસને સંબોધીને કહ્યું, 'તમને ભીખ માંગ્યા સિવાય બીજો કોઈ ધંધો નથી.' રામદાસે સંબોધીને કહ્યું, 'કંઈક પણ લીધા વિના હું પાછો જવાનો નથી.' એ સ્ત્રીએ એ વખતે પોતુ કરતી હતી. એ પોતુ કરવાનું કપડું સ્વામીને ભિક્ષામાં આપતા કહ્યું, 'આ લઈ જાવ.' રામદાસ પ્રસન્ન થયા નદીએ ગયા ત્યાં એ કપડુ ધોઈને સ્વચ્છ બનાવ્યું. સૂકવી એ કપડાની દિવેટ બનાવી દીધી. એ દિવેટ લઈ મંદિરમાં પહોંચ્યા. ત્યાં થોડીવાર પછી પેલી સ્ત્રીને લાગ્યું કે મેં રામદાસનું ગુસ્સામાં અપમાન કર્યુ. આથી તે રામદાસને શોધવા નીકળી. રામદાસ તો ભગવાન સામે બેસી દર્શનમાં મગ્ન હતા. અને પેલી સ્ત્રીએ માફી માંગતા પગે પડીને કહ્યું, 'સ્વામીજી મે આપનું વિના કારણ અપમાન કર્યું છે. મને માફ કરો.' 'સ્વામીજીએ કહ્યું, 'દેવી તે તો યોગ્ય ભિક્ષા આપી છે. આજે મંદિરમાં જે દીવો થયો છે તે તારી ભિક્ષાનું પરિણામ છે. તે મને ભિક્ષામાં કોઈ ભોજનની વસ્તુ આપી હોત તો માત્ર મારું જ પેટ ભરાત, પણ આજના દીવાથી લોકો પ્રકાશમાન થઈ રહ્યા છે.' સાચા સંત પુરુષનું લક્ષણ એ છે કે વિપરિત પરિસ્થિતિને પણ એ અવસરમાં પલટી નાખે છે.

# કોંગ્રેસ માટે 'દિલ્હી દૂર' જેવી વિમાસણ

*તંત્રીસ્થાનેથી...*

અગાઉના જમાનામાં રાજાઓને પોતાના નાનકડાં રાજયથી સંતોષ ન રહેતો. એથી આસપાસના રાજયો પર આક્રમણ કરી એ પોતાની રાજયની હદ વધુ ને વધુ વિસ્તારવા પ્રયાસ કરતા રહેતા. અશ્વમેઘ યજ્ઞ એ ચક્રવર્તી રાજા થવા માટેનું જ અનુષ્ઠાન હતું. ભારતની આ જુગજુની રાજનીતિ વર્તમાન રાજકારણીઓનાં જિન્સમાં ઊતરી આવેલી છે. ગુલામી સામે આઝાદીની ચળવળ ચલાવ્યા પછી મહાત્મા ગાંધીએ એ ચળવળ ચલાવનારા ચાલક બળ તરીકે કોંગ્રેસનું સ્વધર્મ કાર્ય સંપન્ન થયું હોવાનો ઓડકાર ખાધો હતો અને કોંગ્રેસને વિખેરી નાખી નવા રાજકીય સંગટનની રચના કરવાનું સૂચન કર્યું હતું. નહેરુ-સરદાર કે એમના અન્ય ચુસ્ત અનુયાયીઓને ડોસાજીનો આ તરંગતુક્કો સ્વીકારવા યોગ્ય તો શું, વિચારવાયોગ્ય પણ નહોતો લાગ્યો. ગાંધી-નહેરુ-સરદારની કોંગ્રેસ સ્વર્ગમાંથી અવતરેલી ગંગાની જેમ પડતી આખડતી ફંટાતી વહેંચાતી આજે સાવ જ નાનકડાં વહેળામાં ફેરવાઈ ગઈ છે. લોકસભા પર દાયકાઓ સુધી સજ્જડ પકડ જમાવી રાખનારી અને દેશ પર એક ચક્રી શાસન કરનારી કોંગ્રેસ પાસે છેલ્લી બે ચૂંટણીઓ દરમિયાન અધિકૃત વિપક્ષનો દરજ્જો સુધ્ધાં નથી. કોંગ્રેસ એનું વજૂદ ગુમાવ્યું છે તો સામે ભારતીય જનતા પાર્ટીએ પણ 'પાર્ટી વિથ ડિફરંસ'ની ઓળખ ગુમાવી જ છે. સત્તા પર સુવાંગ કબજો મેળવવા એને શામ દામ દંડ ભેદના તમામ હથકંડા અને નુસખા અપનાવવા પડ્યા છે. ભારતીય જનતા પાર્ટીના સાંસદો પૈકી ઘણા ભૂતકાળના કોંગ્રેસી કાર્યકરો છે; કોઈ વળી તૃણમૂલ કોંગ્રેસ છોડીને આવ્યા છે તો કોઈ લાલુપ્રસાદની પાર્ટી રાષ્ટ્રીય જનતા દળમાંથી છટકીને ભાજપમાં ભળ્યા છે. ટૂંકમાં વર્તમાન ભાજપના અડધોઅડધ સાંસદ એવા છે જેમને એની મૂળ વિચારધારા સાથે સ્નાનસૂતકનો સંબંધ નથી. ભારતીય જનતા પાર્ટી સત્તા ખાતર છેલ્લી કક્ષાનાં સમાધાનો કરી શકે છે - એવી પ્રતીતિ હવે તો એના પિતૃ સંગઠન આરએસએસને પણ થઈ જ ચૂકી હશે. એ સાચું કે જીતવા માટે છેલ્લે તો પાર્ટીએ આરએસએસના કસાયેલા ડાઉન ટુ અર્થ કાર્યકર્તાઓને જ કામે લગાડવા પડે છે. આથી સંગઠનના સર્વોચ્ચ પદ પર સંઘની વિચારસરણી ધરાવતા અગ્રણીઓની જ નિમણૂક થતી રહી છે. વર્તમાન રાષ્ટ્રીય અધ્યક્ષ અમિત શાહે કેન્દ્રીય ગૃહમંત્રી જેવી અતિ મહત્ત્વપૂર્ણ જવાબદારી સ્વીકારી હોય ત્યારે સ્વાભાવિક છે કે સંગઠન માટે તેઓ પૂરતો સમય ન જ ફાળવી શકે. આથી મોદીના વિશ્વાસુ સહકાર્યકર અને અગાઉના એમના મંત્રીમંડળમાં આરોગ્યયમંત્રીની જવાબદારી નિભાવી ચૂકેલા વરિષ્ઠ નેતા જે પી નડ્ડાને કાર્યકારી અધ્યક્ષની જવાબદારી સોંપાઈ છે. નડ્ડા અમિત શાહ અને મોંદીના માર્ગદર્શન હેઠળ જ કામ કરશે. કોંગ્રેસ માટે વચ્ચે હિન્દી બેલ્ટનાં ત્રણ રાજયોની ચૂંટણીએ પુનરાગમનની આશા જન્માવી હતી પરંતુ આંતરિક કલહ, સગાવાદ અને મોદી સામેની અનર્ગળ આક્ષેપબાજીને કારણે એ ફરી એક વાર ફેંકાઈ ગઈ છે. રાહુલ ગાંધી એમની પરંપરાગત બેઠક પરથી સ્મૃતિ ઈરાની સામે હારી ગયા છે અને ભારે ભોંઠપ અનુભવી રહ્યા છે. કોંગ્રેસની સિનિયર પેઢીના આગેવાનોનું કોઈ વજૂદ બચ્યું નથી એથી હવે રાષ્ટ્રીય અધ્યક્ષપદે માટે શશી થરૂરથી લઈ અધીર રંજન ચૌધરી જેવા અલ્પખ્યાત નેતાઓનાં નામ વિચારાઈ રહ્યા છે. કોંગ્રેસ કોઈ તારણહારની શોધમાં છે પરંતુ પરિવારવાદની એવી સજ્જડ પક્કડ છે કે એમાંથી છૂટવું અને છટકવું એના માટે અઘરું છે. ખુદ સોનિયા ગાંધી અને રાહુલને પણ હવે તો સમજાઈ ચૂક્યું છે કે દિલ્હીમાં રહેતાં હોવા છતાં એમના માટે દિલ્હી ઘણું દૂર છે...

# પ્રભુલાલ અપલક ઈલાને જોઈને વિચારવા લાગ્યા....

નિર્જળા એકાદશીના દિવસે શહેરનું તાપમાન ૪૬ ડિગ્રી પહોંચી ગયું હતું. સીત્તેર વર્ષના વસંતબા એ આજુબાજુની પાડોશણોના વાદે નિર્જળા રહેવાનું વ્રત રાખી લીધું. પરંતુ થોડા સમય બાદ વધતી ઉંમર અને ગરમીથી ત્રાહિમામ થવા લાગ્યા.

મન મનાવવા માટે ઘરમાં જરા આંટો માર્યો અને છેવટે બેઠક ખંડમાં સોફા પર બેસી ટી.વી. જોવા મળ્યો.

**'તન મન ને સ્વસ્થ અને સ્વચ્છ રાખી ને નારાયણરૂપી નરની સેવા થઈ શકે છે. બીજાની દેખાદેખીથી નહીં'**

લગભગ અગિયાર વાગ્યે કોઈએ તેમનું બારણું ખખડાવ્યું. અત્યારે કોણ હશે ? તે વિચારતાં હતાં બારણું ખોલવા જવાનો વિચાર કરતાં જ હતાં ત્યાં વહુ ઈલાએ આગળ વધી બારણુ ખોલ્યું. સામે બગલ ઘોડી ને આધારે ઊભેલ ઘરડા પ્રભુલાલને જોઈ નવાઈ પામતાં બોલી. 'હેં... બાપુજી આવા ધોમધખતા તાપમાં તમે અહીંયા ઘેર બધું બરોબર તો છે ને ?'

પ્રભુલાલ લથડતે પગલે બેઠક ખંડમાં સાથે પડેલી ખુરશીમાં બેસતા બોલ્યા, 'બેટા, જરા ઠંડુ પાણી પીવડાવ. સવારથી આ વ્રતની લ્હાયમાં ભુખે-તરસે મારો તો જીવ જાય છે.'

ઈલા જલ્દીથી પાણીનો ગ્લાસ ભરી લાવી અને તેમના હાથમાં દેતાં બોલી. 'હેમલતા આન્ટી કેવાં છે ?' ઘડપણમાં તમને વ્રત રાખવાની સલાહ કોણે આપી ? તમને કંઈ થઈ ગયું હોય તો ?

એક શ્વાસે પાણીનો ગ્લાસ ગટગટાવી જતાં વૃદ્ધ પ્રભુલાલનો અવાજ ભરાઈ આવ્યો. તેમણે કહ્યું, 'વહુ એ સલાહ દીધેલી. પોતે તો મંદિરે જઈ પંખીઓને પણ ચણ નાંખી. સાકરીયા વહેંચી, નાની માટલીનું દાન કરી તેના પોતાના ઓરડામાં એ.સી. ચાલુ કરીને પડી છે અને મને...'



નવાં કલેવર
નટવર હેડાઉ

ક્ષણભર માટે વસંતબાની સામે વ્રત ઉપવાસ કરતી અને બ્રાહ્મણોને જમાડતી હેમલતાનો ચહેરો નજર સામે ફરી રહ્યો.

તે વખતે એક ટ્રેમાં બે ગ્લાસ કેરીનો રસ અને નાસ્તો લઈ ઉપસ્થિત થયેલા ઈલા બોલી 'મન ચંગા તો કઠરોટ માં ગંગા...'

ટીપોય પર ટ્રે મૂકતાં આંખો અને વાણીમાં મમત્વ છલકાવતી ઈલાએ વિનમ્ર સ્વરે પોતાની વાત પૂરી કરતાં કહ્યું, 'તન મન ને સ્વસ્થ અને સ્વચ્છ રાખી ને નારાયણરૂપી નરની સેવા થઈ શકે છે. બીજાની દેખાદેખીથી નહીં.'

પ્રભુલાલ અપલક ઈલાને જોઈને વિચારવા લાગ્યા. સાક્ષાત માં અન્નપૂર્ણા તેમની સામે ઊભી છે.

**'વહુ એ સલાહ દીધેલી, પોતે તો મંદિરે જઈ પંખીઓને પણ ચણ નાંખી. સાકરીયા વહેંચી, નાની માટલીનું દાન કરી તેના પોતાના ઓરડામાં એ.સી. ચાલુ કરીને પડી છે અને મને...'**

# સંબંધોનું પ્રાણ-પ્રતિષ્ઠાન અને સંબંધો સ્થિર કરવાની ભાવના

આપણાં દેવાલયો કે મંદિરોમાં પ્રભુ કે દેવી-દેવતાઓની મૂર્તિની પૂજા શરૂ કરતાં પહેલા મૂર્તિની પ્રાણ પ્રતિષ્ઠા કરવામાં આવે છે. શાસ્ત્રોક્ત વિધી કર્યા પછી મંદિરમાં મૂર્તિની સ્થાપના કરવામાં આવે છે અને એ મુર્તિમાં પ્રાણની પ્રતિષ્ઠા કર્યા પછી જ તેને ઈશ્વર કે દૈવી સ્વરૂપ અને પૂજાયોગ્ય માનવામાં આવે છે. પ્રાણપ્રતિષ્ઠા વિધી એ માત્ર એક પરંપરા જ નથી પણ તેની પાછળ એક તત્વદર્શન છે.

આપણી સાંસ્કૃતિક અને ધાર્મિક માન્યતા એવી છે કે માત્ર પથ્થર કે ધાતુની મુર્તિની પૂજા કરવામાં આવતી નથી પણ એ મુર્તિમાં વિધિવત રીતે પ્રતિષ્ઠા કરવામાં આવેલ એક દિવ્ય સતા, એક દિવ્ય ચેતનાની પૂજા કરવામાં આવે છે. મૂર્તિ તો એક સ્થૂળ વસ્તુ છે. મૂર્તિ તો માત્ર એક માધ્યમ છે. એ મૂર્તિમાં ચેતના નથી હોતી. એ સ્થૂળ મૂર્તિની અંદર શાસ્ત્રોકત રીતે વિધીવત રીતે, એક દિવ્ય શકિતનું સંસ્કરણ કરીને એ મૂર્તિને પૂજવા યોગ્ય, આરાધ્ય બનાવવામાં આવે છે. દિવ્ય શક્તિનું સંસ્કરણ થયા પછી એ મુર્તિને આપણે માત્ર મૂર્તિ જ નહીં, આરાધ્ય દેવ કે ઈશ્વર સ્વરૂપે નિહાળીએ છીએ અને તેનું પૂજન અર્ચન કરીએ છીએ.

મુર્તિમાં પ્રાણ-પ્રતિષ્ઠા સમયે ઉચ્ચારણ કરવામાં આવતા અનેક શ્લોકો છે. તેમાનો અર્થવ વેદનો એક ક્ષ્લોક છે;

ૐ પ્રાણામાહુર્માતરિશ્વાનં, વાતો હ પ્રાણ ઉચ્યતે !
પ્રાણે હ ભૂતં ભવ્યં ચ, પ્રાણે સર્વ પ્રતિષ્ઠિતમ !!
અર્થવ ૧૧.૪.૧૫

વૈજ્ઞાનિક દ્દષ્ટિએ જોઈએ તો આ પૃથવી ઉપર વાયુ ચારે દિશામાં ફેલાયેલો છે. એ વાયુ ને કમ્પ્રેસર દ્વારા એકત્ર કરી શકાય છે. એવી જ રીતે ઈશ્વરીય કે દૈવી શકિત પણ સમગ્ર બ્રહ્માંડમાં ફેલાયેલી છે જેને શાસ્ત્રોક્ત, વૈદિક વિધી કરીને, મંત્રોચાર દ્વારા એકત્ર કરીને મુર્તિમાં પ્રતિષ્ઠાન કરી શકાય છે આમ કર્યા પછી જ તેમાં દૈવી શકિતનો સંચાર થાય છે અને એ મૂર્તિ પૂજવા યોગ્ય બને છે.

મુર્તિમાં પ્રાણ પ્રતિષ્ઠા કરવા માટે શાસ્ત્રોક્ત વિધી અને મંત્રોચ્ચારનો સહારો લેવામાં આવે છે પણ માણસમાં તો જન્મથી જ પ્રાણની પ્રતિષ્ઠા થયેલી હોય છે. શરીરમાં જન્મથી જ ચેતના હોય છે અને જન્મ પછી તેમાં માનવીય કે દૈવી સંસ્કારોનું સંસ્કરણ પણ આપમેળે થતું હોય છે

પ્રતિષ્ઠાન થયેલી મૂર્તિ અને તેને ઈશ્વર તરીકે પૂજતા માનવ વચ્ચે ઈશ્વર અને ભક્તનો સંબંધ સ્થાપિત થયેલો હોય છે. જ્યારે બે માણસ વચ્ચે કોઈપણ પ્રકારનો સંબંધ સ્થાપિત થઈ શકતો હોય છે અને થતો હોય છે. મૂર્તિ સાથે સંબંધ સ્થાપિત કરવા માટે પ્રાણ-પ્રતિષ્ઠા કરીએ છીએ તો માનવ માનવ વચ્ચેના સંબંધ, વ્યકિત-વ્યકિત સાથેના સંબંધો સ્થાપિત કરવા માટે સંબંધોની પ્રાણ પ્રતિષ્ઠા કેમ ના કરી શકાય?

દરેક વ્યકિતમાં એક દૈવી શકિત પ્રસ્થાપિત થયેલી હોય જ છે. દરેક વ્યક્તિનું એક અલગ વ્યકિતત્વ હોય છે. દરેક વ્યકિતમાં વિવિધ સંસ્કારોનું સંસ્કરણ થયેલું હોય છે, એક વ્યકિત સાથે બીજી વ્યક્તિનો સંબંધ સ્થાપિત કરવા માટે જો બંન્ને એકબીજાના વ્યક્તિત્વને ઓળખે, બન્ને એકબીજાની દૈવી શકિતનો પરિચય મેળવે અને બન્ને એકબીજાના ગુણો, સંસ્કારો અને શક્તિઓનું પોતાની અંદર પ્રતિષ્ઠાન કરે તો એ બન્ને વ્યકિતની દિવ્યતા વધારે નિખરી શકે છે. બન્નેના સંબંધો વધારે દિવ્ય બની શકે છે, બન્નેનું વ્યકિતત્વ વધારે દૈદીપ્યમાન બની શકે છે.



આવો જીવીએ શાનદાર
વિનોદ અમલાણી
amlani2000@yahoo.co.uk

મૂર્તિમાં પ્રાણ પ્રતિષ્ઠા કર્યા પછી એ સ્થાપિત પ્રાણ સ્થિર કરવાની ભાવના સાથે નીચેના શ્લોકનું ઉચ્ચારણ કરવામાં આવે છે;

ૐ અસ્યૈ પ્રાણાઃ
પ્રતિષ્ઠન્તુ,
અસ્યૈ પ્રાણાઃ ક્ષરન્તુ ચ !
અસ્યૈ દેવત્વમર્ચાયૈ,
મામહેતી ચ કશ્ચય ન !!

મૂર્તિમાં પ્રાણનું સ્થિરીકરણ જરૂરી છે એમ સંબંધો વિકાસ પામે પછી એ સંબંધો પણ સ્થિર કરવાની જરૂરિયાત રહેતી હોય છે. અસ્થિર સંબંધો લાંબો સમય ટકી શકતા નથી. સ્થિર સંબંધોને કોઈપણ પ્રકારનાં પરિબળો અસ્થિર કરી શકતા નથી. આસ્થા વિનાના સંબંધો હંમેશા હાલક-ડોલક થતાં રહેતા હોય છે. જેવી રીતે મૂર્તિમાં પ્રાણ સ્થિર કરવા માટે આસ્થા અને શ્રધ્ધાની આવશ્યકતા છે એવી જ રીતે સંબંધોને પણ સ્થિર કરવા માટે એકબીજામાં આસ્થા અને શ્રધ્ધાની જરૂરિયાત હોય છે.

મુર્તિમાં પ્રાણ પ્રતિષ્ઠાની વિધી સમયે દરેક ભક્તો એ મુર્તિને દિવ્યશકિત, દિવ્યચેતના કે દૈવીસ્વરૂપે નિહાળવાનો મૂળ સંકલ્પ કરતાં હોય છે અને એ સંકલ્પ પ્રમાણે ભક્તોનાં મૂર્તિ સાથે સંબંધ સ્થાપિત થતાં હોય છે. ભક્તો જીવન પર્યંત મૂર્તિ સાથે એ જ સંબંધો નિભાવતા હોય છે. કોઈપણ વ્યક્તિ સાથે પણ જ્યારે આપણે સંબંધ સ્થાપિત કરીએ ત્યારે પણ સંબંધના નામ પ્રમાણે આપણે મનોમન અમુક સંકલ્પ કરીએ કે મારે જે તે વ્યકિત સાથે જે પ્રકારનો સંબંધ છે એ જ સંબંધને સાચા અર્થમાં જાળવીશ. આવું કરીએ તો જ એ સંબંધ જીવનપર્યંત નિભાવી શકીએ છીએ. એ સંકલ્પને હંમેશા ઉયાદ રાખીને વર્તન અને વ્યવહાર કરીએ તો એ સંબંધો ટકી શકે છે અને એ સંબંધોની ગરિમા પણ જળવાઈ રહે.

ચાલો આપણે સૌ સંકલ્પ કરીએ કે મૂર્તિની પ્રાણ પ્રતિષ્ઠાની જેમ જ સંબંધોની પણ પ્રતિષ્ઠા કરશું અને એ સંબંધો સ્થિર કરવાની ભાવના સાથે પ્રાર્થના કરીએ કે "અસ્યૈ દેવત્વમર્ચાયૈ", એ સંબંધોમાં દિવ્ય પ્રાણોનું સંચરણ થતું રહે.

# બેન્કીંગ ક્ષેત્રમાં વધતા જતા ફ્રોડ - અટકાવવાની અગ્રતા

ભારતીય બેંકોનું નેટવર્ક આજે પણ ઘણું વિશાળ અને વ્યાપક છે તેમાં મક્કમ ઈરાદા અને ગતિથી પારસ્પરિક વિલીનીકરણ આગળ વધી રહ્યું છે પરંતુ આ કામ જંગી ઉપરાંત ટેકનોલોજીના કારણે કેટલોક સમય હજી માંગી લેશે. બેંકીગ સુવિધા છેવાડાના આમ નાગરિકને ઝડપથી મળે તે હેતુથી ૧૯૭૦ બાદ શાખાઓની વ્યાપકતાને અગ્રતા આપવામાં આવી હતી તે સમયે નેટ આધારિત કોઈ સેવા ઉપલબ્ધ હતી જ નહીં !

સમય જતાં લીડ બેંક યોજના દ્વારા તથા સરકારના હેતુઓ માટે બેન્કો એ શાખાઓ ખુબ વધારી જેથી નાણાંકીય સમાવેશન ઝડપથી સિદ્ધ કરી શકાય. દરેક ચીજ વસ્તુ કે માણસનો એક દસકો હોય છે એ સર્વ સામાન્ય નિયમ છે. શાખા પ્રબંધકને મળવા લોકો બુટ ચપ્પલ બહાર ઉતારી રજા લઈને ખુબ જ શિસ્તપૂર્વક મળતા અને પોતાનું કામ પતી જાય તો આભાર વ્યક્ત કરતા આ દશ્ય તદ્દન લુપ્ત છે. આજે ગમે તે બેંકની શાખામાં જાઓ કોઈ શું કામ છે કોને મળવું છે તેવી પૂછપરછ નથી અને ગ્રાહક સેવા નાશ પામી ગઈ છે તથા ગ્રાહકો પણ વાતવાતમાં વિનય વાણીને વિકૃત કરે જ છે. નેટ આધારિત કાર્યશૈલી અતિ ઉમદા પણ જાણકારી નો અભાવ, માર્ગદર્શનની કમી, સ્ટાફની કમી વગેરેથી તો લોકો રાજી નથી પરંતુ બીજા ખરાબ અસર જે થઈ રહી છે તે વધતા જતા ફ્રોડની છે. છેતરપીંડી, ધોખાધડી, વિશ્વાસઘાત, બનાવટને ફ્રોડ કહેવામાં આવે છે. બેન્કોમાં ફ્રોડ વધતા જ જાય છે અને પૈસા જે જાય છે તે પ્રજાની બચત હોય છે! નિરવ મોદી, વિજય માલ્યા અને મેહુલ ચોકસીનાં જેવા બીજા મોટા ફ્રોડ પુષ્કળ બહાર આવ્યા છે પરંતુ નાના નાના અનેક બીજા ફ્રોડ કેસોનાં કારણે છેલ્લા એક દાયકામાં ૫૦ હજારથી વધુ કૌભાંડોમાં ૨.૦૫ લાખ કરોડ તેમાં ફસાઈ ગયા છે!!

તાજેતરમાં રિઝર્વ બેન્ક ઓફ ઈન્ડિયાના બહાર પડેલા અહેવાલ અનુસાર ફ્રોડ યા કૌભાંડની સંખ્યાની વધતી જતિ સ્થિતિમાં આઈ.સી.આઈ.સી.આઈ., એસ.બી.આઈ. અને એચ.ડી. એફ.સી.ની અંદર આવી ઘટનાઓ ખુબ વધી છે, અથવા




ત્યાં સુધી સૌથી વધુ નોંધાઈ છે. વર્ષ વર્ષ ૨૦૦૮-૦૯ થી ૨૦૧૮-૧૯ સુધીના નાણાંકીય વર્ષ દરમિયાન કુલ ૫૩,૩૩૪ કિસ્સાઓમાં રૂા. ૨.૦૫ લાખ કરોડની છેતરપીંડીનો સમાવેશ થાય છે, જેમાં સૌથી વધુ બનાવો આઈ.સી.આઈ.સી.આઈ. બેન્કમાં ૬૮૧૧ છે. જેમાં રકમ. ૫૦૩૩.૮૧ કરોડનો સમાવેશ થાય છે. એસબીઆઈમાં કુલ ૬૭૯૩ ફ્રોડ કેસો થયા જેની રકમ રૂા. ૨૩૭૩૪.૩૪ કરોડની નોંધવામાં આવી છે. એચ.ડી.એફ.સી. બેન્કમાં ૨૪૯૭ ફ્રોડ કેસો નોંધાયા જેની રકમ રૂા. ૧૨૦૦.૭૯ કરોડની છે. આ ઉપરાંત બેન્ક ઓફ બરોડાની અંદર છેતરપીંડીના ૨૧૬૦ કેસો નોંધાયા જેની કુલ રકમ રૂા. ૧૨૬૯૨.૯૨ કરોડની છે. આ બેન્કો જ માત્ર ભોગ બની છે એવું નથી બીજી સત્તર બેન્કોમાં પણ પુષ્કળ કૌભાંડ થયા છે. ભારતમાં કામ કરતી વિદેશી બેન્કોમાં પણ છેતરપીંડીની ઘટનાઓ નોંધાઈ છે ! લોન વિભાગની જો વાત કરીએ તો જાયન્ટ ક્રેડીટ કેસો સિવાય એમ.એસ. એમ.ઈ. સેક્ટરમાં છેતરપીંડીની સંખ્યા ઝડપથી વધી છે, છેલ્લા એક દાયકામા ફ્રોડ કેસોની રકમ બાર ગણી વધી છે જે ચિંતા અને ચિંતનનો વિષય છે જ ! હવે મુદ્દો એ મહત્ત્વનો છે કે છેતરપીંડી કે કૌભાંડ શા માટે થઈ જાય છે કે વધી રહ્યા છે ? પ્રથમ બાબત બેન્કોની કાર્યપદ્ધતિ અને નીતિ નિયમોની અંદર રહેલી કમી અથવા ત્રુટિઓ જેનો લાભ એવા છીછરા લોકો ઉઠાવ છે ઋણ સંલગ્ન કૌભાંડોમાં બેન્કો દ્વારા શરતોનું પાલન જે રીતે ચકાસવું પડે ત્યાં વિલંબ, આળસ યા ગંભીરતાની ખામી છે. બીજું ભાવપત્રક મુજબ નવી યંત્ર સામગ્રી વગેરે ખરીદવામાં આવે નહીં અને રિનોવેટ કરેલા સાધનો વસાવવામાં આવે છે જયાં નાણાં વેડફાઈ જાય છે.



જીવન ઉપવન
મહેન્દ્ર એમ ત્રિવેદી
mmtrivedi007@gmail.com

ત્રીજી બાબત એ જોવા મળે છે કે રિઝર્વ બેન્ક ઓફ ઈન્ડિયા એ કેટલાક ક્ષેત્રમાં કે પાલન કરવામં 'ઝીરો ટોલરન્સ પોલિસી' નક્કી કરેલી છે. ત્યાં પણ બેન્કની શાખાઓ જો ધ્યાન રાખે નહીં તો કૌભાંડ જરૂરથી થઈ જતા હોય છે જેમ કે સ્થાવર મિલ્કતનું ગીરો થાય ત્યાં મિલ્કતનો મૂળ માલિક હક્કવાળો દસ્તાવેજ શાખાએ લઈને પોતાના દસ્તાવેજની જોડો સંભાળીને રાખવાનો હોય છે તેમ છતાં ઘણીવાર મૂળ દસ્તાવેજ લોન લાભાર્થીના કબ્જામાં જ હોય તેથી છળકપટની શકયતાઓ વધી જતી હોય છે. લોન રકમનું વિસ્તર સીધા જ સપ્લાયરને કરવાની સૂચનાનું પાલન નહીં થાય તો એન્ડ યુઝ ઓફ ફંડમાં પ્રશ્ન ઊભી થઈ જાય છે. મેકરૂચેકરની જે ભૂમિકા સિસ્ટમમાં પ્રવર્તે છે તેમાં પણ લાપરવાહી વ્યાપક જોવા મળે છે. વાઉચર્સને માત્ર કાગળનો ટૂકડો ગણીને જે તે ક્ષણે જ ધ્યાનમાં લેવાય છે એ પણ ગંભીર બાબત છે. આંતરિક ઓડિટમાં જવાબો પણ ઘણીવાર સાચા નહીં આપીને કાર્ય ચાલતાં રહે છે!! છેતરપીંડીમાં કેશ હોય, માલ સામાન હોય કે અન્ય વ્યવહાર હોય ત્યાં ઉપાચત પણ થઈ જાય છે. ટૂંકમાં બેન્કીંગ ક્ષેત્રમાં ખુબ જ અગ્રતા આપીને આ પ્રકારનાં બનાવો ને રોકવાની તાતી આવશ્યકતા જણાય રહી છે. આર્થિક કૌભાંડો યુદ્ધ કરતા વધુ ખતરનાક હોય છે.

**શેર આસ્વાદ :**
**સુરજને કહો કે તારું રાજ જોખમમાં છે**
**આજે મેં વાદળોને એક થતા જોયા છે.**